


# આયુષ્માન સહકાર

સમગ્ર આરોગ્યસંભાળ, માળખાકીય સુવિધાઓ,
શિક્ષણ અને સેવાઓ માટે આર્થિક સહાય  કરતી
એનસીડીસીની એક યોજના

www.ncdc.in

# એનસીડીસી

નેશનલ કોઓપરેટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનસીડીસી) ભારત સરકાર દ્વારા સંસદના અધિનિયમ હેઠળ 1963 માં સ્થાપવામાં આવેલ વૈધાનિક સ્વાયત સંસ્થા છે. સહકારી સિદ્ધાંતો અંગે કૃષિ પેદાશો, ખાદ્ય પદાર્થો, ઔદ્યોગિક ચીજો, પશુધન, અન્ય કેટલીક ચીજવસ્તુઓ અને સેવાઓ જેવી કે હોસ્પિટલ અને આરોગ્યસંભાળ અને શિક્ષણ વગેરેના ઉત્પાદન, પ્રક્રિયા, માર્કેટિંગ, સંગ્રહ, નિકાસ અને આયાત માટેના કાર્યક્રમોના આયોજન અને પ્રોત્સાહનના હેતુ માટે તેની રચના કરવામાં આવી છે. તે સહકારી સંસ્થાઓના ત્રણેય સ્તરો, પ્રાથમિક, જિલ્લા અને ઉચ્ચ/ બહુ-રાજ્ય સુધી આર્થિક સહાયનો વ્યાપ વધારે છે. એનસીડીસી ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ છે.

એનસીડીસી ગ્રાહક સહકારી સંસ્થાઓને ઉત્પાદનો અને સેવાઓની વિશાળ શ્રેણી આપતાં એક નાણાકીય ઊર્જાસ્રોત તરીકે ઉભરી આવ્યું છે. તે એક 9001: 2015 પ્રમાણિત સંસ્થા છે.

એનસીડીસી તેની 18 પ્રાદેશિક કચેરીઓ તેમજ તેની નવી દિલ્હીમાં મુખ્ય કચેરી દ્વારા મૂલ્યાંકન અને મંજૂરીઓની સરળ, પારદર્શક અને મજબૂત સિસ્ટમનું પાલન કરે છે. તે સહકારી મંડળીઓ માટે સૌથી વધુ પસંદ કરવામાં આવતી નાણાકીય સંસ્થા છે.

# આયુષ્માન સહકાર

ભારત સરકારના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના ગેઝેટની સૂચના મુજબ હોસ્પિટલ, આરોગ્યસંભાળ અને તબીબી શિક્ષણને એનસીડીસી સૂચિત સેવાઓ માટે આર્થિક સહાય પૂરી પાડે છે.

> “એનસીડીસીની મદદથી સહકારી સંસ્થાઓ દ્વારા સંચાલિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ આરોગ્યસંભાળ સંસ્થાઓ સફળતાપૂર્વક લોકોની સેવા કરી રહી છે.”

# યોજનાના ઉદ્દેશો

**15** મી ઓગસ્ટ , 2020 ના રોજ માનનીય વડાપ્રધાને નેશનલ ડિજિટલ હેલ્થ મિશન શરૂ કર્યું છે. આનાથી ભારતના આરોગ્ય ક્ષેત્રે નવી ક્રાંતિ આવશે અને તે ટેકનોલોજીની મદદથી સારવાર મેળવવામાં પડતી મુશ્કેલીઓ ઘટાડવામાં મદદ કરશે.

**રાષ્ટ્રીય આરોગ્ય નીતિ 2017** પર ધ્યાન કેન્દ્રીત કરીને, તેના બધા વિસ્તારોમાં આરોગ્ય તંત્રોને આકાર આપવાના હેતુ સાથે - આરોગ્યમાં રોકાણો, આરોગ્યસંભાળ સેવાઓનું સંગઠન, રોગોના નિવારણ અને ક્ષેત્રીય ક્રિયાઓ દ્વારા સારા સ્વાસ્થ્યને પ્રોત્સાહન, ટેક્નોલોજીનો ઉપયોગ, માનવ વિકાસ સંસાધનો, તબીબી બહુમતીવાદને પ્રોત્સાહિત કરવા, જ્ઞાનનો આધાર બનાવવો, વધુ સારી આર્થિક સુરક્ષા વ્યૂહરચના વિકસાવવા, નિયમન અને આરોગ્ય ખાતરીને મજબૂત કરવા અને બધાને પરવડે તેવા આરોગ્યસંભાળ પૂરા પાડવા માટે, એક વ્યાપક અભિગમ - હોસ્પિટલો, આરોગ્યસંભાળ, તબીબી શિક્ષણ, નર્સિંગ શિક્ષણ, પેરામેડિકલ શિક્ષણ , આરોગ્ય વીમો અને આયુષ જેવી પૂર્ણતાવાદી આરોગ્ય પ્રણાલીઓ સાથે સંકલન-હોવું જરૂરી છે. એવું માનવામાં આવે છે કે ધિરાણ સહાયના અભાવને લીધે, ઘણી સહકારી હોસ્પિટલોમાં એમબીબીએસ, બીડીએસ, બીએએમએસ, બીએચએમએસ, બીપીટી અને બીયુએમએસ અને પીજી / ડીએનબી કાર્યક્રમોની ઓફર કરતી કોલેજો સહિત તબીબી શિક્ષણના નવા પાસા શરૂ કરવામાં મુશ્કેલી અનુભવે છે. તદનુસાર, એનસીડીસીએ **આયુષ્માન સહકાર યોજના** શરૂ કરી છે. આ યોજનાના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે:

a) સહકારી મંડળીઓ દ્વારા હોસ્પિટલો / આરોગ્યસંભાળ / શિક્ષણ સુવિધાઓ દ્વારા પોષાય તેવી અને પૂર્ણતાવાદી આરોગ્યસંભાળની જોગવાઈમાં મદદ કરવા માટે,
b) સહકારી મંડળીઓ દ્વારા આયુષ સુવિધાઓને પ્રોત્સાહન આપવા માટે,
c) સહકારી મંડળીઓને રાષ્ટ્રીય આરોગ્ય નીતિના ઉદ્દેશ્યને પૂર્ણ કરવામાં સહાય કરવા માટે,
d) સહકારી મંડળીઓને રાષ્ટ્રીય ડિજિટલ હેલ્થ મિશનમાં ભાગ લેવા મદદ કરવા માટે,
e) સહકારી મંડળીઓને શિક્ષણ, સેવાઓ, વીમા અને તેનાથી સંબંધિત પ્રવૃત્તિઓ સહિતની વ્યાપક આરોગ્યસંભાળ પૂરી પાડવામાં મદદ કરવા માટે.

*"રાષ્ટ્રીય આરોગ્ય નીતિ એ તંદુરસ્ત ભારત બનાવવાના આપણા પ્રયત્નોમાં એક ઐતિહાસિક ક્ષણ છે, જ્યાં દરેકની પાસે ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળની સુલભતા હોય છે."*
*શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડા પ્રધાન*

# આયુષ્માન સહકાર હેઠળની આવરી લેવાયેલ પ્રવૃત્તિઓ

1) **હોસ્પીટલની સ્થાપ્ના, આધુનિકરણ, વિસ્તરણ, રીપેર, તબીબી શિક્ષણને લગતું માળખું.**

a) આના માટે તમામ પ્રકારનાં માળખાં:

i) યુ.જી. અને /અથવા પીજી પ્રોગ્રામ્સ ચલાવવા માટેની હોસ્પિટલો અને /અથવા મેડિકલ /આયુષ /ડેન્ટલ /નર્સિંગ /ફાર્મસી /પેરામેડિકલ /ફિઝિયોથેરાપી કોલેજો,

ii) યોગા વેલનેસ સેન્ટર,

iii) આયુર્વેદ, એલોપથી, યુનાની, સિદ્ધ, હોમિયોપેથી અન્ય પરંપરાગત દવા આરોગ્યસંભાળ કેન્દ્રો,

iv) વયસ્કો માટે આરોગ્ય સંભાળ સેવાઓ,

v) ઉપશામક સંભાળ સેવાઓ,

vi) અપંગ વ્યક્તિઓ માટે આરોગ્ય સંભાળ સેવાઓ,

vii) માનસિક આરોગ્યસંભાળ સેવાઓ,

viii) ઇમર્જન્સી મેડિકલ સર્વિસીસ/ ટ્રોમા સેન્ટર,

ix) ફિઝીયોથેરાપી કેન્દ્ર,

x) મોબાઇલ ક્લિનિક સેવાઓ,

xi) હેલ્થ ક્લબ અને જિમ,

xii) આયુષ ફાર્માસ્યુટિકલ ઉત્પાદન,

xiii) ડ્રગ ટેસ્ટીંગ લેબોરેટરી,

xiv) ડેન્ટલ કેર સેન્ટર,

xv) નેત્ર સંભાળ સેન્ટર,

xvi) લેબોરેટરી સેવાઓ,

xvii) ઉપચારાત્મક સેવાઓ,

xviii) બ્લડ બેંક / ટ્રાન્સફ્યુઝન સેવાઓ,

xix) પંચકર્મ / થોક્કનમ / ક્ષાર સૂત્ર ઉપચાર કેન્દ્ર,

xx) રેજીમેન્ટલ થેરેપી ઓફ યુનાની (ઇલાજ બીલ તદબીર) કેન્દ્ર,

xxi) માતાના આરોગ્ય અને બાળ સંભાળની સેવાઓ,

xxii) પુનરૂત્પાદન અને બાળ આરોગ્ય સેવાઓ,

xxiii) સહાય માટે એનસીડીસી ને યોગ્ય લાગે તેવા કોઈપણ અન્ય સંબંધિત કેન્દ્ર અથવા સેવાઓ.

b) ટેલિમેડિસિન અને દૂરસ્થ સહાયિત તબીબી પ્રક્રીયાઓ,

c) લોજિસ્ટિક્સ હેલ્થ, આરોગ્યસંભાળ અને શિક્ષણ,

d) ડિજિટલ આરોગ્ય સંબંધિત માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી,

e) ઈન્સ્યુરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (આઈઆરડીએ) દ્વારા માન્ય આરોગ્ય વીમો.



2) ઉપરના પેરા 1 માં ઉલ્લેખિત પ્રવૃત્તિના સંદર્ભમાં રોજિંદી કામગીરી માટે જરૂરી મૂડીરોકાણ વધારવા માટે **માર્જિન મની**.
3) રોજબરોજની કામગીરી માટે **કાર્યશીલ મૂડી**.

# સહાય મેળવવાની પાત્રતા

સ્ટેટ/ મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ સોસાયટી એક્ટ હેઠળ નોંધાયેલ કોઈપણ સહકારી મંડળી, જેના પેટા કાયદામાં હોસ્પિટલ /આરોગ્યસંભાળ /આરોગ્ય શિક્ષણ સંબંધિત સેવાઓ હાથ ધરવા માટેની પેટા કાયદામાં યોગ્ય જોગવાઈ હોય તેમજ આ યોજના હેઠળની માર્ગદર્શિકાઓની પરિપૂર્ણતાને આધિન આર્થિક સહાય માટે પાત્ર રહેશે.

એનસીડીસી સહાય રાજ્ય સરકારો / કેંદ્ર શાસિત પ્રશાસન દ્વારા અથવા એનસીડીસી ડાયરેક્ટ ફંડિંગ માર્ગદર્શિકાને પૂર્ણ કરતી મંડળીને સીધી જ સહકારી મંડળીઓને પૂરી પાડવામાં આવશે.

ભારત સરકાર / રાજ્ય સરકાર / અન્ય એજન્સીની યોજનાઓ સાથે આ યોજનાને સાંકળી શકાય.

# પ્રોજેક્ટનો ખર્ચ

**વાસ્તવિક જરૂરિયાત મુજબ.**

# લોનનો સમયગાળો

**લોનનો સમયગાળો 8 વર્ષનો રહેશે. પ્રોજેક્ટના પ્રકાર અને પ્રોજેક્ટ દ્વારા આવક ઊભી કરવાની ક્ષમતાના આધારે, લોનની પુન:ચૂકવણી માટે 1-2 વર્ષની છૂટ આપવામાં આવશે**

## વ્યાજનો દર

વ્યાજ દર એનસીડીસીના પરિપત્ર મુજબ રહેશે, જે વખતો વખત સુધરાના પાત્ર છે તેમજ **પ્રોત્સાહન રૂપે, જો સમયસર ચુકવણી કરવામાં આવે તો જ, ઋણ લેનારી સહકારી મંડળીના મહિલા સભાસદ બહુમતિમાં હોય તેવા સંજોગોમાં, એનસીડીસી પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ માટે મુદતી લોન પર લાગુ વ્યાજના દર કરતા 1% ઓછું વ્યાજદર વસૂલશે.**

## જામીનગીરી

**એનસીડીસી સહાય રાજ્ય સરકાર દ્વારા અથવા ડાયરેક્ટ ફંડિંગ હેઠળ પૂરી પાડવામાં આવે છે. સીધા ભંડોળના સંજોગોમાં, સહકારી મંડળી એ એનસીડીસી દ્વારા સ્વિકૃત લોનની જામીનગીરી નીચે પ્રમાણે આપવાની રહેશે:**
એનસીડીસી લોનની 1.5 ગણી (પ્રોજેક્ટ હેઠળ ઊભી થનારી સંપત્તિ સહિતની) સંપત્તિનું ગીરો;

a) રાજ્ય / કેન્દ્ર સરકાર દ્વારા બાંયધરી;
b) એન.સી.ડી.સી. લોનના 1.2 ગણા મર્યાદામાં અનુસૂચિત બેંકો /રાષ્ટ્રીયકૃત બેંકોની F.D. ગીરો મૂકવી;
c) સેન્ટ્રલ PSUs / કાનૂની સંસ્થાઓ / સેન્ટ્રલ PSUs ની સીએસઆર ફાઉન્ડેશન્સ દ્વારા બાંયધરી;
d) અનુસૂચિત બેંકો / રાષ્ટ્રીયકૃત બેંકોની બાંયધરી;
e) એનસીડીસી લોનની 1.2 ગણી સુધી સરકારી બોન્ડ / સિક્યોરિટીઝની પૂર્વધારણા અને સોંપણી.

## સબસીડી

એનસીડીસી લોનને રાજ્ય કે કેન્દ્ર સરકાર અન્ય નાણાકીય સંસ્થાઓની સબસિડી સાથે સાંકળી શકશે.

## ભંડોળનું માળખું:

એનસીડીસી દ્વારા સહાયનું માળખું નીચે પ્રમાણે રહેશે.

## માળખાની રચના (પ્રોજેક્ટની સુવિધાઓ):

| રાજ્ય સરકારના માધ્યમથી | | સીધું ધિરાણ |
|---|---|---|
| **એન.સી.ડી.સી. થી રાજ્ય સરકાર** | **રાજ્ય સરકાર થી સોસાયટી** | **એન.સી.ડી.સી. થી સોસાયટી** |
| લોન* - 90% | લોન* - 50%<br>શેર મૂડી** - 40% | લોન*- 70% |
| સોસાયટીનો હિસ્સો - 10% | સોસાયટીનો હિસ્સો – 10% | સોસાયટીનો હિસ્સો - 30% |

* જો ભારત સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ અન્ય ભંડોળ એજન્સીની કોઈ યોજના હેઠળ સબસિડી / ગ્રાંટ આપવામાં આવે તો લોનની રકમમાં પ્રમાણસર ઘટાડો થઈ શકે છે.

** જો રાજ્ય સરકાર દ્વારા શેરની મૂડી ફાળવવામાં ન આવે, તો તેને(40%) સોસાયટીને લોન આપીને પણ પાસ કરવામાં આવશે.

## માર્જીન મની:

| રાજ્ય સરકારના માધ્યમથી | | સીધું ધિરાણ |
|---|---|---|
| **એન.સી.ડી.સી. થી રાજ્ય સરકાર** | **રાજ્ય સરકાર થી સોસાયટી** | **એન.સી.ડી.સી. થી સોસાયટી** |
| લોન : બેંક શાખ મેળવવા માટે 100% *** | લોન * અથવા શેર મૂડી અથવા લોન - શેર મૂડી 100% *** | લોન* 100% *** |

* જો ભારત સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈ અન્ય ભંડોળ એજન્સીની કોઈ યોજના હેઠળ સબસિડી / ગ્રાંટ આપવામાં આવે તો લોનની રકમમાં પ્રમાણસર ઘટાડો થઈ શકે છે.

*** માર્જિન મની સહાયની પાત્રતા મૂલ્યાંકનને આધિન છે.

## કાર્યશીલ મૂડી:

| રાજ્ય સરકારના માધ્યમથી | | સીધું ધિરાણ |
|---|---|---|
| **એન.સી.ડી.સી. થી રાજ્ય સરકાર** | **રાજ્ય સરકાર થી સોસાયટી** | **એન.સી.ડી.સી. થી સોસાયટી** |
| જરૂરિયાત મુજબ લોન | લોન | લોન |

# કાર્યવાહી

એનસીડીસી કોઈપણ પ્રોજેક્ટ મંજૂર થાય તે પહેલાં તેની મૂલ્યાંકન માટેની પ્રમાણભૂત પ્રથા અને યોગ્ય કાર્યવાહી અપનાવશે.

એનસીડીસીની અન્ય યોજનાઓની વધુ વિગતો માટે, સહાયની પેટર્ન્સ, ધોરણો અને એનસીડીસી ભંડોળ મેળવવા માટેના સામાન્ય માપદંડ, અરજી ફોર્મ વગેરે માટે, કૃપા કરીને www.ncdc.in ની મુલાકાત લો અથવા વેબસાઇટ પર ઉપલબ્ધ સરનામાંઓ અને સંપર્ક નંબરો પર એનસીડીસી પ્રાદેશિક કચેરીઓ /મુખ્ય કચેરીનો સંપર્ક કરો.





# આયુષ્માન સહકાર


રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય,

ભારત સરકાર

4, સિરી ઇન્સ્ટિટ્યુશનલ એરિયા, હૌઝ ખાસ, નવી દિલ્હી 110016, ભારત